પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોસિએશનની જનરલ મીટીંગ

પ્રમુખ તરીકે ભગવાનભાઈ.ટી.સોનીની વરણી

પાલનપુર તા.૨૦

પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોસિએશનની સાધારણ સભા આજરોજ પાલનપુરમાં સોની સમાજની વાડી ખાતે યોજાઈ હતી. જેમાં નવીન કારોબારીની નિમણૂક કરવામાં આવી હતીપાલનપુરમાં સોની સમાજની વાડી ખાતે આજરોજ પાલનપુર ચોકસી સુવર્ણકાર એસોસિએશનની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં એસોસિયન દ્વારા ગત વર્ષે કરેલા કાર્યો તેમ જ ઠરાવોનું વાંચન કરવામાં આવ્યું હતું .આ મિટિંગમાં એસોસિયનના પૂર્વ પ્રમુખ મંત્રી તેમજ વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ સાધારણ સભામાં નવીન કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ-ભગવાનભાઈ.ટી. સોની, ઉપપ્રમુખ-અતુલભાઈ જોશી(ચોકસી), ઉપપ્રમુખ-મુકેશભાઈ મોદી (ચોકસી), મંત્રી -શૈલેષભાઈ સોની, સહમંત્રી - રાજુભાઈ પટેલ, ખજાનચી-આશિષભાઈ સોની, ઓડિટર-રઘુભાઈ અગ્રવાલની સર્વનું મતે વરણી કરવામાં આવી હતી આ પ્રસંગે ચોકસી બજારના સભ્યો તેમ જ વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠામાં કોરોનાની સ્થિતિ કાબુ બહાર નવા ૮ કેસ નોંધાયા: હિંમતનગરનું વીરાવાડા એ.પી. સેન્ટર, વધુ ૪ નવા કેસ

બાયડ, તા.૨૦

રાજ્યમાં કોરોનાએ આરોગ્ય વિભાગની ઊંઘ ઉડાડી દીધી છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પણ કોરોનાની સ્થિતિ કાબુ બહાર જઈ રહી છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન નવા ૮ કેસ નોંધાયા છે તે તમામ કેસ હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના છે. વીરાવાડા એ.પી. સેન્ટર તરીકે ઉભરતું હોય તેમ ગામમાં વધુ નવા ૪ કેસ સામે આવતાં આરોગ્ય વિભાગ દ્વારા ઘેર ઘેર સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. માનો કે ન માનો પરંતુ ઉત્તર ગુજરાતના સાબરકાંઠામાં પ્રજાને કોરોના સામેની લાપરવાહી ભારે પડી રહી છે. કોરોનાનું વેક્સિનેશન લીધું એટલે હવે કોરોના નહીં થાય તેવી ભૂલ કરનારા મોટાભાગના ફરીથી કોરોનાની ઝપેટમાં આવ્યા છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, પ્રાંતિજ અને તલોદ સુધી કોરોનાનો સકંજો જોવા મળ્યો છે. આરોગ્ય વિભાગનું માનીએ તો સરકારી દફતરે અત્યાર સુધી ૨૧ એક્ટિવ કેસ નોંધાયા છે પરંતુ ખાનગી ડૉક્ટરોનું માનીએ તો માત્ર હિંમતનગર તાલુકામાં જ કોરોનાના ૨૦૦ થી વધુ શંકાસ્પદ કેસ હોવાની સંભાવના છે. મોટાભાગના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે તો કેટલાક કોરોનાના લક્ષણો હોવાનું જણાતાં હોમ આઈસોલેશન થઈ ગયા છે. અત્યારે બોર્ડ પરીક્ષા ચાલી રહી છે ત્યાં સુધી કોરોના વિસ્ફોટની સાચી સ્થિતિ બહાર નહીં આવે પરંતુ બોર્ડ પરીક્ષા પૂરી થયા પછી જિલ્લામાં કોરોનાનો બિહામણો ચહેરો બહાર આવવાની સંભાવના છે. જિલ્લાના હિંમતનગર તાલુકાના હાજીપુર, રાજપુર, વીરાવાડા, ઈલોલ અને મોતીપુરામાં કોરોનાના કેસ નોંધાયા છે. ૮ પૈકી ૨ પુરુષ અને ૬ મહિલાઓ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે. જ્યારે એક ૯ વર્ષની બાળકી પણ કોરોનાના સકંજામાં આવી છે ત્યારે બાળકી જે શાળામાં અભ્યાસ કરતી હશે તે શાળાના વિદ્યાર્થીઓ પણ સંક્રમિત થયાની આશંકા સેવાય છે.

બોર્ડ પરીક્ષા પછી કોરોના વિસ્ફોટની શક્યતા વધી

જિલ્લામાં કોરોનાની સ્થિતિ
નવા નોંધાયેલ કેસ - ૮
અત્યાર સુધીના કુલ પોઝિટિવ કેસ - ૧૦,૧૯૪
કુલ ડિસ્ચાર્જ - ૧૦,૦૧૨
એક્ટિવ કેસ - ૨૧
અત્યાર સુધીનાં કુલ મરણ - ૧૬૧

પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા

મામલતદાર કચેરીએ પાક વળતર ચુકવવા આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના પ્રાંતિજ ખાતે કાર્યરત ભારતીય કિસાન સંઘ દ્વારા સતત સાત દિવસ થી પડી રહેલ કમોસમી વરસાદ ને લઈ ને પાક નિષ્ફળ ને લઈ ને પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે પાક નુકશાન પેટે ખેડૂતોને વળતર ચુકવવા આવેદનપત્ર આપ્યુ. ચાલુ સાલે ઉપરા ઉપરી પડી રહેલ કમોસમી વરસાદ ને લઈ ને ખેતીમા ખેડૂતોને ભારે નુકશાન થયુ અને કમોસમી વરસાદ પડતા ધંઉ , વરિયાળી ,એરંડા ,ચણા , કપાસ તથા કોબીજ-ફલાવર , રીંગણ સહિત ના પાકો ઉપર મોટી અસર પડી છે જેને લઈ ને ખેડૂતોના ખેતરોમા તૈયાર થયેલ પાક પલરી જવાથી બગડી ગયેલ હોય અને કમોસમી વરસાદ પડતા બગડી જતા પ્રાંતિજ સહિત તાલુકાના ખેડૂતો ને ભારે નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે જેને લઈ ને પ્રાંતિજ ખાતે કાર્યરત ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતોને પાક વળતર ચુકવવા આજે પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે જઈ ને હાજર નાયબ મામલતદાર મુકેશભાઈ પટેલ ને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ જેમા કિસાન સંઘ ના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ મંત્રી રમણભાઈ પટેલ , ઈશ્વર ભાઈ પટેલ , નરસિંહ ભાઈ પટેલ વિમલભાઈ પટેલ સહિત સભ્યો સહિત ખેડૂતો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુર એગોલા રોડ ઉપર કારમાં શોર્ટ સર્કિટ થતા આગ ભભૂકી



પાલનપુર તા. ૨૦

પાલનપુર એગોલા રોડ ઉપર વહેલી સવારે એક કારમાં એકાએક આગ લાગતાં અફડા-તફડી મચી ગઈ હતી.જો કે કાર ચાલકની સમય સૂચકતા થી મોટી જાનહાની ટળી હતી.ઉનાળાની શરૂઆત થતાંની સાથે જ વાહનોમાં આગ લાગવાના બનાવવામાં વધારો જોવા મળી રહ્યો છે. જેમાં બે દિવસ અગાઉ અંબાજી યાત્રિકની ગાડીમાં આગ લાગતા ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી. તે ઘટના હજુ લોકોના માનસ પરથી વિસરાઈ પણ નથી ત્યાં પાલનપુર એગોલા રોડ પર આવેલ વેંકટેશ્વર ફ્લેટની સામે એક કારમાં શોર્ટ સર્કિટ થતાં આગ ભભૂકી ઊઠી હતી.જેના પગલે આજુબાજુથી લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.અને ફાયરફાયટરને જાણ કરવામાં આવી હતી.જેથી ફાયર ફાઈટરનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી આગ ઉપર પાણીનો મારો ચલાવતા આગ કાબુમાં આવી ગઈ હતી. પરંતુ કારના એન્જિનનો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.આ ઘટનામાં ચાલક સમય સૂચકતા વાપરી કારની બહાર નીકળી જતા મોટી જાનહાની ટળી હતી.

માવઠાનો માર ખેડૂતોની તંત્રમાં ગુહાર

અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર અને જીલ્લા પંચાયત પ્રમુખને ખેડૂતોએ રજુઆત કરી વળતરની માંગ

મોડાસા,તા. ૨૦

મોડાસા તાલુકા સહીત અરવલ્લી જીલ્લામાં બે દિવસ સુધી કમોસમી વરસાદ ખાબકતા ખેતરમાં ઉભો પાક નષ્ટ થતા ખેડૂતોની આર્થિક કમર તૂટી ગઈ છે મોડાસા તાલુકાના વણીયાદ-કોકાપુર સહીત આજુબાજુ પંથકના ખેડૂતો ખેતીમાં થયેલ નુકશાન અંગે સરકાર સર્વે કરાવી યોગ્ય વળતર આપવામાં આવેની માંગ સાથે જીલ્લા સેવાસદનમાં ઉમટી પડ્યા હતા જીલ્લા કલેકટર,જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા ખેતીવાડી અધિકારી અને મામલતદાર તેમજ અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખને રજુઆત કરી ન્યાયની માંગ કરી હતી

મોડાસા તાલુકાના વણીયાદ-કોકાપુર સહીત આજુબાજુના ગામમાં સાંબેલાધાર કરા સાથે વરસાદ ખાબકતા ઘઉં,મકાઈ, ચણા, અન્ય બગયાતી ખેતીમાં તૈયાર ઉભા પાકનો સોથ વળી જતા ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકશાન થતા દેવાના ડુંગર નીચે દટાઈ જવા જેવી સ્થિતિનું નિર્માણ થતા ખેડૂતો અને તેમના પરિવારો આઘાતમાં સરી પડ્યા છે સોમવારે મોટી સંખ્યામાં ખેડૂતો જીલ્લા સેવાસદન કચેરી ખાતે ઉમટી પડી વહીવટી તંત્ર અને જીલ્લા પંચાયત પ્રમુખને મળી રજુઆત કરી હતી કમોસમી વરસાદે ખેડુતોની કમરતોડી નાખતા સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે સર્વ કરાવી ખેડૂતોને નુકશાની સહાય કરવામાં આવે તેમજ કેસીસી લોનમાં રાહત આપવામાં આવેની માંગ કરી હતી

કરુણાની સંવેદનાનો અજોડ કિસ્સો...

બનાસકાંઠાના વડગામ તાલુકાના મેમદપુરની ૯ વર્ષની દીકરી કેન્સરગ્રસ્તોની વ્હારે ચડી

કેન્સરગ્રસ્ત મહિલાઓ માટે હેર ડોનેટ કરતી જિલ્લાની પ્રથમ બાળકી

પાલનપુર તા.૨૦

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મેમદપુર ગામની નવ વર્ષીય બાળકીએ કેન્સર ગ્રસ્તોની વ્હારે આવી છે. જેણે પોતાના માથે મુંડન કરાવી વાળનું દાન કર્યું છે. વડગામ તાલુકાના મેમદપુર ગામની ત્રીજા ધોરણમાં ભણતી નવ વર્ષીય બાળા કેન્સર ગ્રસ્ત દર્દીઓની વ્હારે આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,હેર ડોનેટ કરનાર તૃષાબા એ જણાવ્યું હતું કે, હું જયારે નાની હતી ને ત્યારે મારાં નાનીમાં ને કેન્સર થયું હતું. જેથી એમના વાળ જતા રહ્યા હતા. એમના માથા પર ટકલુ થઈ ગયું હતું. ત્યારે મેં નક્કી કર્યું હતું કે મારાં વાળ કેન્સરના દર્દીને આપીને તેમના મોંઢા પર સ્માઈલ લાવીશ. નાનીમાં ને કેન્સર થયું ત્યારે દવાની આડ અસરને કારણે તેમના વાળ ખરી ગયા હતા. ત્યારે જ તૃષાએ પોતાના વાળ ડોનેટ કરવાનું મન બનાવી લીધું હતું. જે વિચાર પરિવારને પણ યોગ્ય લાગતા તેને અમલમાં મુકાયો હતો. તૃષાબાના વાળ હૈદ્રાબાદમાં આવેલી હેર ડોનેશન ફોર કેન્સર પેશન્ટ નામની સંસ્થામાં જશે. જ્યાંથી કેન્સર ગ્રસ્ત બહેનોને નિઃશુલ્ક વિગ આપવામાં આવતી હોય છે.

ગ્રામ્ય પોસ્ટ ઓફીસોની કથળતી કામગીરીથી બેરોજગાર યુવાનોમાં રોષ

ખેડબ્રહ્માના ઝાંઝવાપાંણાઈમાં ટપાલપેટી ગાયબ, ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરતાં ખાનગી ઘરમાંથી સંકેલો કર્યો

બાયડ, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પોસ્ટ વિતરણની કથળતી કામગીરીથી બેરોજગારોમાં રોષ જોવા મળી રહ્યો છે. પોસ્ટ ઓફીસમાં ટપાલ આવી હોય છતાં એક સપ્તાહથી ૧૫ દિવસ સુધી ટપાલનું વિતરણ થતું નથી. જેથી કેટલાય બેરોજગારોને નોકરીથી પણ હાથ ધોઈ નાખવા પડે તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. ખેડબ્રહ્માના ઝાંઝવાપાંણાઈમાં પોસ્ટ મારફતે મોકલવામાં આવેલી ટપાલ ૧૫ દિવસ સુધી પણ નિયત સ્થળે પહોંચી નથી અને ટપાલીએ પોતાના ઘરે જ મૂકી રાખ્યાનો અરજદારે ગંભીર આરોપ લગાવ્યોછે. ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી કુરીયર સેવા મળતી ન હોવાથી અંતરીયાળ વિસ્તારોની પ્રજા માટે ટપાલ સેવા પત્ર વ્યવહારનું મહત્વનું સાધન બની રહી છે. પોસ્ટ વિભાગ દ્વારા ઉંડાણના ગામોમાં નિયમિત ટપાલોનું વિતરણ થાય તે માટે ટપાલ પેટીઓ મૂકવામાં આવી છે પરંતુ ખેડબ્રહ્મા તાલુકાના ઝાંઝવાપાંણાઈ ગામે તો મૂકવામાં આવેલી ટપાલ પેટી ઘણા સમયથી ગાયબ થઈ ગઈ છે. ટપાલપેટીના અભાવ વચ્ચે આ વિસ્તારમાં મહત્વની ટપાલોનું વિતરણ પણ થતું ન હોવાની બુમ ઉઠી છે. જ્યારે સ્થાનિક ટપાલીનો પણ કોઈ અત્તોપત્તો મળતો નથી. સ્થાનિક નાગરિકો દ્વારા જે જગ્યાએ ટપાલપેટી ગોઠવવામાં આવી હતી ત્યાં જઈ પૂછપરછ કરવામાં આવે છે પરંતુ ટપાલપેટી ક્યાં ગઈ તે બતાવી શકતું ન હોવાથી પ્રજા હાલાકીમાં મૂકાઈ છે. પોસ્ટ વિભાગ સેવાઓ સુધારવાના ભાગરુપે સેવાને અદ્યતન બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે ત્યાં આજના આધુનિક યુગમાં પણ અંતરીયાળ આદિવાસી વિસ્તારોમાં ટપાલોનું સમયસર વિતરણ તો દુર રહ્યું પરંતુ આખેઆખી ટપાલપેટીઓ જ ગાયબ થઈ ગઈ હોય તેવી વિગતો સામે આવી છે. ગામના જાગૃત નાગરિક સુનિલ તરાલે પોતે મોકલેલી ટપાલ ૧૫ દિવસ થયા પછી પણ નિયત સ્થળે પહોંચી નથી અને ટપાલીએ તેના ઘરે મૂકી રાખ્યાનો આરોપ લગાવ્યો છે અને જે ઘરમાં બેસતા હતા ત્યાંથી પણ સામગ્રીનો સંકેલો કર્યાનો ગંભીર આરોપ લગાવ્યો છે.

બાયડ તાલુકાના ખેડૂતોએ મહાઠગના કૌભાંડનો કર્યો મોટો ઘટસ્ફોટ

બાયડ તાલુકા સહિતના ખેડૂતોને તમાકુમાં રોકાણ, પશુપાલકોને પાપડીની ખરીદીમાં લાલચ આપી છેતર્યા, ૧૩ ખેડૂતો સાથે વર્ષ-૨૦૧૩-૧૫માં છેતરપીંડી થઈ

બાયડ તા.૨૦

ગુજરાતના મહાઠગ કિરણ પટેલે પી.એમ.ઓ.ના ઉચ્ચ અધિકારી તરીકેની ઓળખ આપી જમ્મુ-કાશ્મીરમાં વી.વી.આઈ.પી. સુવિધાઓ મેળવ્યાનો ભાંડાફોડ થયા પછી ગુજરાત એ.ટી.એસ.એ તપાસ શરુ કરી છે જેમાં હવે બાયડ તાલુકાના ખેડૂતોએ આ મહાઠગના કૌભાંડનો મોટો ઘટસ્ફોટ કર્યો છે. બાયડ તાલુકા સહિતના ખેડૂતોને વર્ષ-૨૦૧૩-૧૫માં તમાકુમાં ચીઠ્ઠી વ્યવહારથી રોકાણ કરાવવાની સાથે પશુપાલકોને પાપડીની ખરીદીમાં ફસાવી છેતરપીંડી આચરવામાં આવી હતી. મહાઠગની કૌભાંડ લીલા અંગે કેટલીક ફરિયાદો પણ ખેડૂતોમાંથી બહાર આવી હતી ત્યાં હવે દેશભરમાં મહાઠગે પી.એમ.ઓ.ના નામે વી.વી.આઈ.પી. સવલતો મેળવ્યાનો પર્દાફાશ થતાં સનસનાટી મચી છે.

ગત ઓકટોબરથી ફેબ્રુઆરી સુધી શાતિર દિમાગ ધરાવતા અને અમદાવાદમાં ઓફીસ ખોલી લોકો સાથે છેતરપીંડી આચરનાર કિરણ પટેલની વડાપ્રધાન કાર્યાલયના ઉચ્ચ અધિકારી તરીકેની ઓળખ આપ્યા પછી મેળવાયેલી વી.વી.આઈ.પી. સવલતોનો જમ્મુ- કાશ્મીરની મુલાકાતમાં ભાંડો ફૂટી જતાં જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા તેની ધરપકડ કરવામાં આવ્યા પછી હવે ગુજરાત એ.ટી.એસ. પણ હરકતમાં આવી છે. મોંઘીદાટ કારમાં ફરતા કિરણ પટેલે બાયડ તાલુકાના ૧૩ ખેડૂતો સાથે પણ છેતરપીંડી આચરી હોવાની વિગતો હવે ધીરે ધીરે સપાટી પર આવી રહી છે. તાલુકાના જાગૃત ખેડૂત આશિષ પટેલે આ અંગે મોટો ઘટસ્ફોટ કરતાં તાલુકામાં છેતરપીંડીનો ભોગ બનનાર ખેડૂતોની વિગતો પણ તપાસવામાં આવે તેવી શક્યતા ઉભી થઈ છે. મહાઠગે તાલુકાના ખેડૂતોને મોટી મોટી લાલચ આપી તમાકુમાં રોકાણ કરાવ્યું હતું જેમાં માત્ર ચીઠ્ઠી ઉપર વ્યવહાર કરી હાથ ઉંચા કરી નાખ્યા હતા આ ઉપરાંત પશુપાલકો સાથે ધરોબો કેળવી ઠગે પાપડીની ખરીદીમાં પણ પશુપાલકોને છેતર્યા હતા. તાલુકાના જાગૃત ખેડૂતે જણાવ્યું હતું કે મહાઠગે ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને મોટી મોટી વાતો દ્વારા આંજી દીધા હતા અને શરુઆતમાં તમાકુમાં રોકાણ કરાવવા ઉપરાંત પશુપાલકોને સસ્તા ભાવે પાપડી પૂરી પાડવાની વાતો કરી પૈસા મેળવી લીધા પછી વિશ્વાસઘાત કર્યો હતો. જેમાં જે તે સમયે કેટલીક ફરિયાદો ખેડૂતોમાં ઉઠ્યા પછી સામે આશ્ચર્યજનક રીતે કૌભાંડ ઉપર પડદો પડી ગયો પરંતુ હવે સમગ્ર દેશમાં ઠગના કારસ્તાને ચર્ચા જગાવ્યા પછી ગુજરાત એ.ટી.એસ. દ્વારા તપાસનો દોર આરંભાયો છે અને સૌ પ્રથમ બાયડ તાલુકાના જાગૃત ખેડૂતોએ મહાઠગની લીલાનો ભાંડો ફોડી કેટલાક સનસની ખુલાસા કર્યા છે જે જોતાં આગામી સમયમાં બાયડ સહિત અરવલ્લીના કેટલાક વિસ્તારોમાં ઠગ દ્વારા આચરવામાં આવેલી કૌભાંડ લીલાનો પણ પર્દાફાશ થવાની સંભાવના જણાઈ રહી છે.

તાલુકાના ૧૩ ખેડૂતો સાથે છેતરપીંડી

દેશભરમાં ગુજરાતના મહાઠગે પી.એમ.ઓ.ના ઉચ્ચ અધિકારીની ઓળખ આપી જમ્મુ-કાશ્મીરમાં વી.વી.આઈ.પી. સુવિધાઓ મેળવ્યાની સનસની વિગતોનો પર્દાફાશ થયા પછી ગુજરાત પોલીસ દ્વારા તેની ઉંડી તપાસ શરુ કરવામાં આવી છે ત્યારે મહાઠગના કૌભાંડનો વધુ પર્દાફાશ કરનાર બાયડ તાલુકાના ખેડૂત આશિષ પટેલે જણાવ્યું હતું કે વર્ષ-૨૦૧૩ થી ૧૫ના સમયગાળા દરમ્યાન મહાઠગ કિરણ પટેલે ૧૩ જેટલા ખેડૂતો સાથે છેતરપીંડી કરી હતી જેમાં પશુઓ માટે પાપડીની ખરીદી તેમજ તમાકુના રોકાણમાં ચીઠ્ઠી વ્યવહારો કરી ખેડૂતોને ચૂનો લગાવ્યો હતો.

પ્રાંતિજ નાની ભાગોળ વાઘેલા વાસમાં છેલ્લા એક મહિનાથી ગટર ઉભરાય છે...!!!

ગટરનું ગદુ પાણી રહીશોના ચુલા તથા ચોકરીઓમા જાય છે : ગટરનુ ગદુ પાણી ઉભરાતા રોગ ચાળાની ભીતી : રહીશોની અનેકવાર રજૂઆતો છતાંય તંત્ર ફરક્યુ જ નથી : ગટરલાઈનના કામમાં પણ વેઠવારી હોવાનો રહીશોનો આક્ષેપ

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તાર મા આવેલ વાઘેલા વાસ માં છેલ્લા એક મહિના થી ગટરનુ ગદુપાણી ઉભરાય છે અને રહીશો દ્વારા વારંવાર રજુઆત બાદ પણ પાલિકા દ્વારા કોઈજ કાર્યવાહી ના કરવામા આવતા રહીશોનો ગુસ્સો સાતમા આસમાને પોહચ્યો છે.

પ્રાંતિજ નાની ભાગોળ દરજીવાસ પાછળ આવેલ વાઘેલા વાસ મા ત્રણ મહિલા પહેલાજ બનાવેલ ગટર લાઈન છેલ્લા એક મહિના થી રહીશોના ઘર આગળ ઉભરાય છે અને આ વિસ્તાર ના રહીશો દ્વારા પાલિકામા તથા આ વિસ્તાર ના કોર્પોરેટરોને વારંવાર રજુઆતો બાદ પણ તેવોની સમસ્યા દુર ના થતા રહીશો મા પાલિકા સામે રોષ જોવા મળી રહ્યો છે તો રહીશોનુ કહેવુ છે કે આ ગટર લાઈન હમરાજ ત્રણ મહિના અગાઉ જ બાનાવવામા આવી છે અને ગટર લાઈનના કામમા વેઠ વારમા આવી છે તો છેલ્લા એક મહિનાથી ગટર ઉભરાતા ગટર નુ ગદુ પાણી રહીશોની ચોકરીઓ તથા તેવોના ચુલા ની જગ્યાએ ઉભરાય ને આવે છે તો પાસે આવેલ ખુલ્લી જગ્યામા પાણી ભરાતા અહી રોગ ચાળો પણ વકરે તેવી સ્થિતી પણ પેદા થઈ છે અને જેને લઈ ને રહીશો ને મચ્છરજન્ય રોગ નો ભંય પણ સતાવે છે ત્યારે ગટર ઉભરાતા છેલ્લા એક મહિના થી પ્રાંતિજ પાલિકામા રહીશો દ્વારા રજુઆત કરવાછતાય કોઈ કોર્પોરેટર કે તંત્ર ના અધિકારીએ અહી ડોકયુ કરવા પણ અહી આવ્યુ નથી ત્યારે હાલતો ગટર નુ ગદુ પાણી બાજુમા ખુલ્લી જગ્યા મા ભરાતા અહીના રહીશોને રોગચાળા નો પણ ભંય સંતાવે છે અને સવાર ના સમયે ગટર ઉભરાતા દુરગંધ મારતા રહીશોના નાક ના ટેડવા પણ ફુલી જાય છે ત્યારે હવે જોવુ એ રહ્યુ કે આ ગરીબ વિસ્તાર ના રહીશો સામે તંત્ર કયારે જોસે કે પછી હોતા હે ચલતા હે જેવી સ્થિતિ જોવા મળશે એ તો હવે આવનાર દિવસોમાજ ખબર પડશે.